ગાંધીનગર સમાચાર

# પ્રાંતિજ ખાતે આઈ.સી.ડી.એસ કચેરી દ્વારા સંમલેન યોજાયુ



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આઈ.સી.ડી.એસ કચેરી પ્રાંતિજ દ્વારા તાલુકા કક્ષાનો પૂર્ણા યોજના અંતર્ગત ગુર્ણા સખી-સહસખી સંમલેન યોજાયુ. પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તાર મા આવેલ ઉમિયાધામ ખાતે આઈ.સી.ડી.એસ કચેરી પ્રાંતિજ દ્વારા પુર્ણા યોજના અંતર્ગત પુર્ણા-સખી-સહસખી તાલુકા કક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો જેમા કુપોષણ, નારી અદાલત , આરોગ્ય સેવાઓની લગતી જેતે વિભાગના ઉપસ્થિત અધિકારીઓ કર્મચારીઓ દ્વારા માહિતી માર્ગ દર્શન પુરૂ પાડયુ હતુ તો આ પ્રસંગે મહિલા બાળ વિકાસ સમિતિ ના ચેરમેન રેખાબા આર.ઝાલા , તાલુકા વિકાસ અધિકારી નિતીનભાઈ ચૌધરી, તાલુકા પ્રમુખ વર્ષાબેન મકવાણા , તાલુકા હેલ્થ ઓફિસર ડાૅ.સોલંકી, પ્રોગ્રામઓફિસર ડીં.કે.એચ.ચારણ , સીડીપીઓ રશ્મિકાબેન, તાલુકા તથા જિલ્લા સદસ્યો, આંગણવાડી કાર્યકરો આઈ.સી.ડી.એચ સ્ટાફ સહિત ઉપસ્થિત રહ્યા હતા.

# ઉદેપુરમાં ટેલરની હત્યાને લઈને રાજસ્થાન જતી ૨૨ બસના રૂટ બંધ, મુસાફરો અટવાયા




રાજસ્થાનના ઉદેપુરમાં ટેલર કનૈયાલાલની હત્યાને પગલે અરવલ્લી જિલ્લામાં તકેદારી રાખવામાં આવી રહી છે. ગુજરાતમાંથી રાજસ્થાન તરફ જતા બસ બંધ કરવામાં આવી છે. ગુજરાતથી રાજસ્થાન તરફ જતી ૨૨ બસના રૂટ બંધ કરવામાં આવ્યા છે. ગુજરાતના અલગ-અલગ જિલ્લામાંથી ઉદેપુર અને નાથદ્વારા જતી બસને શામળાજી બસ ડેપો પર રોકી દેવાઈ છે તો કેટલીક બસ રતનપુર સુધી પહોંચ્યા પછી મુસાફરોને ત્યાં ઉતારવાની ફરજ પડી છે. નુપૂર શર્માને સમર્થન આપવા બદલ રાજસ્થાનના ઉદેપુરમાં ટેલર કનૈયાલાલનુ ગળુ કાપીને હત્યા કરી દેવાઈ હોવાની ઘટના બાદ આખા દેશમાં ભારે આક્રોશ છે. ઉદેપુર સહીત રાજસ્થાનમાં અજંપાભરી સ્થિતિનું નિર્માણ થયું છે. કોઈપણ સંજોગોમાં ગુજરાતના મુસાફરો અથવા તો એસ.ટી.બસ સેવા પ્રભાવિત ન થાય તે હેતુથી રાજસ્થાન જતી બસ બંધ કરવામાં આવી છે. શામળાજી એસ.ટી.બસ ડેપોના ઈન્ચાર્જ ટ્રાફિક કંટ્રોલર મહિપાલસિંહે જણાવ્યું કે, વિભાગીય નિયામક હિંમતનગરના આદેશ મુજબ રાજસ્થાન તરફ જતી તમામ બસ બંધ કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું. જ્યાં સુધી આગામી આદેશ ન આવે ત્યાં સુધી બસ બંધ રાખવાનો નિર્ણય કરાયો છે. એસ.ટી.વિભાગ દ્વારા રાજસ્થાનના રૂટ બંધ કરી દેવામાં આવતા નાથદ્વારા જતાં પ્રવાસીઓ પણ અટવાઈ પડ્યા હતા.

# પ્રાંતિજ અવરઓન ઈગ્લીંશ મીડીયમ સ્કુલ ખાતે શાળા પ્રવેશોત્સવ યોજાયો




સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ પ્રાંતિજ કેળવણી મંડળ સંચાલિત અવરઓન ઈગ્લીશ મેડીયમ સ્કુલ ખાતે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો. પ્રાંતિજ કેળવણી મંડળ સંચાલિત અવરઓન ઈગ્લીશ મીડીયમ સ્કુલ ખાતે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો જેમા કે.જી.થી ધોરણ ૧થી૪ ના નાના ભૂલકાઓ માટે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો તો આ પ્રસંગે સ્કુલ ના મેદાન મા આયોવેદિક વુક્ષો નુ વુક્ષારોપણ કાર્યક્રમ પણ યોજાયો હતો તો આ પ્રસંગે મંડળ ના મંત્રી રઈશભાઈ કસ્બાતી , પ્રિન્સીપાલ દર્શિલ દેસાઈ, જાગૃતિબેન શાહ, શાળા સ્ટાફ, વિધાર્થીઓ વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાબરકાંઠા, અરવલ્લીના રીઝર્વ જંગલમાં ચોમાસા દરમ્યાન ૨૪ લાખ વૃક્ષ ઉછેરવાનો લક્ષ્યાંક

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વન વિભાગ હસ્તકની ૧૨ રેન્જના રીઝર્વ જંગલ વિસ્તારમાં આ વર્ષે ચોમાસા દરમ્યાન ૨૪,૨૨,૩૪૬ વૃક્ષ ઉછેરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. ૪૦૬૬ હેક્ટર જંગલની જમીનમાં કણજી, ખેર, ગરમાળો અને કરંજ સહિતના વૃક્ષોના રોપા વાવેતર માટે તૈયાર રાખી વિભાગ વરસાદની રાહ જોઈ રહ્યું છે. ગત વર્ષે સાબરકાંઠા રીઝર્વ જંગલ વિસ્તારમાં ૧૧,૭૨,૦૦૦ રોપાનું વાવેતર કરવામાં આવ્યું જેમાં જંગલ વિસ્તારની સમૃદ્ધિમાં વધારો થયા પછી હવે આ વખતે પણ રોપા ઉછેરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે. ચોમાસાની સીઝન શરુ થાય એટલે સામાજીક સંસ્થાઓ અને વન વિભાગ દ્વારા ઠેકઠેકાણે વૃક્ષારોપણના કાર્યક્રમો આયોજીત થતા હોય છે જેમાં મોટાભાગના રોપા પૂર્ણ વૃક્ષ બને તે પહેલાં બાળમરણ થઈ જતું હોય છે પરંતુ જંગલ વિસ્તારમાં ઉછેરવામાં આવતા રોપાની યોગ્ય રીતે દેખભાળ રાખવામાં આવે તો તેનો ગાઢ જંગલના સ્વરુપમાં ફાયદો થતો હોય છે. પાછલા કેટલાક વર્ષોથી સાબરકાંઠા જિલ્લાના જંગલો સમૃદ્ધ થવાના કારણે વન્ય પ્રાણીઓની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થવા લાગ્યો છે. સાબરકાંઠાની રાયગઢ, વડાલી, ખેડબ્રહ્મા, વિજયનગર, ધોલવાણી અને અરવલ્લીની મેઘરજ, ભિલોડા, શામળાજી, માલપુર, મોડાસા મળી ૧૨ રેન્જના રીઝર્વ જંગલ વિસ્તારમાં ગત ચોમાસા દરમ્યાન ૨૧,૦૦,૦૦૦ રોપાનું વાવેતર કરવામાં આવ્યું હતું. જેની સામે આ વખતે વન વિભાગ દ્વારા ૨૪,૨૨,૩૪૬ રોપા વાવેતર કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. જિલ્લાના વન વિભાગની વિવિધ નર્સરીઓમાં અગાઉથી જંગલની જમીનમાં ઉછરી શકે તેવા રોપા તૈયાર રાખવામાં આવ્યા છે. આગામી સમયમાં ધોધમાર વરસાદ વરસે કે તરત સાબરકાંઠાના વન વિભાગની રેન્જ વિસ્તારમાં કુલ-૨૦૮૭ હેક્ટર અને અરવલ્લી જિલ્લામાં ૧૨૫૯ હેક્ટર જમીનમાં વિવિધ વૃક્ષોના રોપા ઉછેરવાનો ધમધમાટ શરુ થશે. જિલ્લામાં ગત વર્ષે ચોમાસાની શરુઆત સાથે વન વિભાગે રોપા ઉછેરવાના સંકલ્પ સાથે વિવિધ જાતના રોપાનું વાવેતર કર્યું હતું જેમાં હાલ કેટલા રોપા પૂર્ણ વૃક્ષ બની શક્યા છે..?? તેનો ચોક્કસ હિસાબ વન વિભાગ પાસે નથી પરંતુ જંગલ સમૃદ્ધ થયાના દાવાઓ વચ્ચે આ વખતે ફરીથી વિભાગે ૧ ૨ રેન્જમાં લાખો રોપા ઉછેરવાનો નિર્ધાર કર્યો છે પરંતુ યોગ્ય રીતે કામગીરી થાય છે કે કેમ..?? તેની રાજ્યના વન વિભાગ દ્વારા સીધી નિગરાની રાખવી પડશે અન્યથા સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાનો વન વિભાગ ભ્રષ્ટાચારથી વધુ ખરડાયેલો છે.

### ૪ દિવસ પહેલાં ચાર્જ સંભાળનાર અધિકારી એક્શનમાં

# ધંબોલીયાના તળાવમાં ઠાલવેલા પ્રવાહી કેમીકલનાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા સેમ્પલ લેવાયા

## તળાવમાં જોખમી પ્રવાહી ઠલવાયા બાદ તંત્ર હરકતમાં

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૩૦

ભિલોડા તાલુકાના ધંબોલીયાના તળાવમાં દુર્ગંધ મારતું કેમીકલ પ્રવાહી ઠલવાયા બાદ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ હરકતમાં આવ્યું છે. ૪ દિવસ પહેલાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો ચાર્જ સંભાળનાર અધિકારીએ તાબડતોબ કર્મચારીઓને મોકલી તળાવમાંથી કેમીકલના સેમ્પલ લેવડાવી તપાસ માટે ગાંધીનગર સ્થિત ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડની લેબોરેટરીમાં મોકલી આપ્યાં છે. જોખમી કેમીકલ ઠાલવવામાં આવતાં માનવ જીવન, જમીન તેમજ જળસ્ત્રોત સહિત પર્યાવરણને પણ મોટું નુકસાન થઈ શકે તેમ હોવાથી પોલીસ દ્વારા પણ આ અંગે ફરિયાદ દાખલ કર્યા પછી દુર્ગંધ યુક્ત પ્રવાહી અહીં સુધી ક્યાંથી કોણ લાવ્યું તેની તપાસ શરુ થઈ છે.



અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી ઔદ્યોગિક એકમોનો જોખમી કચરો ઠાલવવાની સાથે હવે માનવ તેમજ પર્યાવરણ માટે જોખમી કેમીકલ ઠાલવવાની ઘટનાઓ સામે આવી રહી છે. ભિલોડા તાલુકાના ધંબોલીયા ગામની સીમમાં તળાવમાં ખોદાયેલ ચોકડીઓમાં કોઈ અજાણ્યા શખ્સોએ દુર્ગંધયુક્ત પ્રવાહ ઠાલવ્યું હતું. ઔદ્યોગિક એકમનું જોખમી પ્રવાહી તળાવમાં ઠાલવવામાં આવતાં જળ, જમીન અને પર્યાવરણ દૂષિત થવાની સાથે જનઆરોગ્ય સામે પણ ખતરો જણાતાં ખેડૂત દ્વારા સ્થાનિક પંચાયતને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ આ અંગેની ફરિયાદ શામળાજી પોલીસ સ્ટેશનમાં આપવામાં આવ્યા બાદ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પણ હરકતમાં આવ્યું હતું જેમાં તાબડતોબ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના નવનિયુક્ત અધિકારી બી.ડી.પ્રસાદ દ્વારા તળાવમાં ઠલવાયેલ પ્રવાહીના સેમ્પલ લેવાના આદેશ આપવામાં આવ્યા હતા જેમાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની ટીમોએ સ્થળ ઉપર જઈ હાનિકારક દુર્ગંધયુક્ત પ્રવાહીના સેમ્પલ એકત્ર કરી ગાંધીનગર સ્થિત પોલ્યુશન કંટ્રોલ બોર્ડની લેબોરેટરીમાં મોકલી આપ્યાનું જાણવા મળ્યું છે.

**જોખમી દુર્ગંધ મારતું પ્રવાહી અન્ય સ્થળેથી ઠલવાયું - પ્રદૂષણ નિયંત્રણ અધિકારી**

ભિલોડાના ધંબોલીયાના તળાવમાં દુર્ગંધયુક્ત જોખમી પ્રવાહી ઠાલવવામાં આવ્યા પછી પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ હરકતમાં આવ્યું છે. તળાવમાંથી પ્રવાહીના સેમ્પલ લઈ લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવ્યા છે. વિભાગના અધિકારી બી.ડી.પ્રસાદે જણાવ્યું હતું કે પ્રાથમિક દ્રષ્ટીએ દુર્ગંધ મારતું પ્રવાહી જિલ્લાના કોઈ ઔદ્યોગિક એકમમાં ઉપયોગમાં લેવામાં આવતું નથી જેથી સંભવિત રીતે રાજસ્થાન, વડોદરા અથવા અમદાવાદના કોઈ ઔદ્યોગિક એકમમાંથી આ કેમીકલ વાહનમાં ભરી અહીં ઠાલવવામાં આવ્યાની શંકા છે.

**ભ્રષ્ટ તંત્રના કારણે જિલ્લામાં ઠેરઠેર ઠલવાતા જોખમી કેમીકલ, કચરો**

જિલ્લામાં ભ્રષ્ટ તંત્રના કારણે ઠેકઠેકાણે જોખમી કેમીકલ અને બાયોમેડીકલ વેસ્ટનો જીવલેણ કચરો ફેંકવામાં આવે છે. અગાઉ ધનસુરાના માલપુર રોડ ઉપર ત્યારબાદ ધનસુરા તાલુકાના કોલવડા ગામના સીમાડામાં અને મોડાસાની બ્લોક ફેક્ટરી પાસે જોખમી કેમીકલ, કચરો ફેંક્યાનું બહાર આવ્યું હતું અને જે તે સમયે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

# ડીસામાં ધારાસભ્યના હસ્તે વિચરતી વિમુક્તિ જાતિના ૬૦ લોકોને પ્લોટની ફાળવણી કરાઈ

ડીસા, તા. ૩૦

ડીસા નાયબ કલેકટર કચેરી ખાતે ધારાસભ્ય શશીકાંત પંડ્યાના હસ્તે વિચરતી વિમુક્તિ જાતિના ૬૦ લોકોને પ્લોટની ફાળવણી કરવામાં આવી હતી. દેશને આઝાદ થયાને ૭૬ વર્ષ પૂર્ણ થયા છે જેને લઈ હાલમાં ગુજરાત રાજય સરકાર દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં સરકાર દ્વારા દરેક વ્યક્તિને સહાય તેમજ દરેક યોજનાનો સીધો લાભ મળી રહે તે માટે હાલમાં વિવિધ યોજનાઓનો લાભ આપવામાં આવી રહ્યો છે. ખાસ કરીને તાજેતરમાં જ ગુજરાત રાજયના મુખ્યમંત્રી દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વિચરતી વિમુક્ત જાતિના લોકોને રહેવા માટે મકાન મળી રહે તે માટે પ્લોટોની ફાળવણી કરવામાં આવી છે જે અંતર્ગત નાયબ કલેકટર કચેરી ખાતે નાયબ કલેકટર યુ. એસ. શુકલા સહિતના અધિકારીઓની ઉપસ્થીતીમાં ધારાસભ્ય શશીકાંત પંડ્યાના હસ્તે જુનાડીસા અને શિવનગરના ૬૦ જેટલા પરિવારોને રાજ્ય સરકારની યોજના મુજબના પ્લોટની ફાળવણી કરવામાં આવી હતી. છેલ્લા ઘણા વર્ષોથી ઘરવીહોણા રહેતા વિચરતી વિમુક્ત જાતિના પરિવારોને આજે પ્લોટ મળતા તેઓમાં ખુશી વ્યાપી હતી આજે યોજાયેલા આ પ્લોટ વિતરણ કાર્યક્રમમાં ધારાસભ્ય શશીકાંત પંડયા, નાયબ કલેકટર યુ. એસ. શુકલા, તાલુકા વિકાસ અધિકારી,ડીસા ગ્રામીણ મામલતદાર તેમજ શહેરી મામલતદાર હાજર રહી તમામ વિચરતી વિમુક્ત જાતિના લોકોને પ્લોટનું વિતરણ કરવામાં આવ્યું હતું.



# ઉત્તર ગુજરાતમાં સુજલામ યોજના હેઠળ ૯૦૦ તળાવોમાં પાણી નંખાશે

## નહેરોમાં પાણી છોડવાના નિર્ણયથી ખેડૂતોને રાહત

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૩૦

ઉત્તર ગુજરાતમાં વરસાદની ઉભી થયેલી અનિશ્ચિતતાના કારણે વહેલું વાવેતર કરનારા ખેડૂતો ચિંતામાં છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા ઉત્તર ગુજરાતની જીવાદોરી ગણાતી નર્મદાની મુખ્ય નહેરોમાં ૭ દિવસ સુધી દૈનિક ૧૭૦૦૦ ક્યુસેક પાણી છોડવાનો નિર્ણય કરાયો છે. આ સાથે નહેરો સાથે જોડાયેલા ૫ જિલ્લાના ૭૦૦ થી વધુ તળાવોમાં ખરીફ વાવેતર માટે ખેડૂતોને સિંચાઈનો લાભ થાય તે હેતુથી પાણી નાખવાના નિર્ણયથી ખેડૂતોએ રાહત અનુભવી છે.

ચોમાસુ રાબેતા મુજબ હોવાની આગાહીઓ પછી ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં વરસાદની પધરામણી થઈ હતી જેથી ખેડૂતોએ હરખાતા હૈયે ખરીફ વાવણીના શ્રી ગણેશ કરી દીધા પરંતુ ત્યારબાદ વરસાદ ગાયબ થયો છે જેથી ખેડૂતોને વાવેતર બચાવવા માટે સિંચાઈનાં પાણી આપવાની ફરજ પડી છે. ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં કાળઝાળ ઉનાળા દરમ્યાન પીવાના પાણી સાથે સિંચાઈના પાણીની પણ વિકટ સ્થિતિ ઉભી થઈ હોવાના કારણે હવે જો વરસાદ ન વરસે તો ખેતીનું ચિત્ર ધૂંધળું થઈ શકે છે. ખેડૂતો અને કિસાન આગેવાનોની માગણીને ધ્યાનમાં રાખી રાજ્ય સરકારે ઉત્તર ગુજરાતમાં નર્મદાની મુખ્ય નહેરોમાં ૭ દિવસ પ્રતિદિન ૧૭,૦૦૦ ક્યુસેક પાણી છોડવનો નિર્ણય કરતાં ખેડૂતોમાં ખુશાલી છે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં નહેરોમાં પાણી છોડવાની સાથે સુજલામ સુફલામ યોજના અંતર્ગત જોડાયેલાં ૭૦૦થી વધુ તળાવોમાં પણ પાણી નાખવામાં આવશે. ખેડૂતો વરસાદની અનિશ્ચિતા વચ્ચે પણ પાક બચાવી શકે તે માટે નહેરો અને માઈનોર કેનાલમાં પાણી પહોંચાડવા માટે સરકારે ખેડૂતોના હિતમાં નિર્ણય લીધો છે. જે વિસ્તારોમાં વરસાદની શરુઆતથી ઘટ ઉભી થઈ છે તેવા તમામ વિસ્તારોમાં નર્મદા કેનાલના માધ્યમથી પાણીનો લાભ આપવામાં આવશે. આ વખતે ઉત્તર ગુજરાતના કેટલાય વિસ્તારોમાં વરસાદ વરસ્યા પછી ગાયબ થયો છે જેના કારણે ખરીફ પાક માટે ખેડૂતો સિંચાઈના પાણીની રાહમાં હતા ત્યાં સરકારે સૌરાષ્ટ્ર સહિત ઉત્તર ગુજરાતમાં નર્મદાની મુખ્ય નહેરોમાં પાણી છોડવાના નિર્ણયની સાથે તળાવો ભરવાની પણ જાહેરાત કરી છે જેના કારણે ઉત્તર ગુજરાતના હજારો ખેડૂતોને તેનો ફાયદો થઈ શકે છે.

# ધાનેરા પંથકમાં ડિગ્રી વગરના ડોક્ટરનો રાફડો ફાટયો છે...

ધાનેરા તા.૩૦

બનાસકાંઠા જિલ્લાના સરહદી એવા ધાનેરામાં આવેલ ગામડાઓ અને શહેરી વિસ્તારમાં છેલ્લા ઘણા વર્ષોથી ઊંટ વૈદ્યો નો રાફડો ફાટયો છે. જે અંગેની સત્વરે તપાસ કરવા લોક માગણી ઉઠવા પામી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે ,આ કહેવાતા ડોક્ટરો પછાત વર્ગની ભોળી પ્રજાના આરોગ્ય સાથે ગંભીર ચેડા કરી મોંઘી ફી વસુલતા હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. ધાનેરા તાલુકામાં ડિગ્રી વગરના ડોક્ટરોએ માઝા મૂકી છે કારણકે કમ્પાઉન્ડમાં નોકરી કરતા પોતાનું દવાખાનું ખોલી બેસી ગયા છે. તો કેટલાક આયુર્વેદિક ડોક્ટર ની જેમ ખુલ્લેઆમ બોટલો ચડાવી ઈન્જેક્શન આપવાની પ્રક્રિયા ખુલ્લેઆમ કરી રહ્યા છે. એટલું જ ગરીબ પ્રજા પાસેથી મોંઘી ફી પડાવી રહ્યા છે અને દર્દીઓ નું કોઈપણ જાતનું રજીસ્ટર રાખતા નથી .સરકારી હોસ્પિટલમાં પૂરતી સુવિધા અને અપૂરતો સ્ટાફ હોવાના કારણે ગરીબ પ્રજા ના છૂટકે પ્રાઈવેટ ડોક્ટર પાસે દવા લેવા જાય છે. પરંતુ આ પ્રજાને ક્યાં ખબર છે કે આ ડોક્ટર નથી અમુક આવા ડોક્ટરો ના પાપે? અનેક લોકોના જીવ ગુમાવ્યા હોવાનું પ્રજાજનોઓ માં ચર્ચાઈ રહ્યું છે. પૂરતી ચકાસણી કર્યા વગર દર્દીઓને સારવાર આપી રહ્યા છે સારું થાય તો ભલે નહીં તો બાહર લઈ જવાનું કહી દેવામાં આવે છે. જેના કારણે બીમારી કંટ્રોલ બહાર થઈ જાય અને દર્દીની જાન જોખમમાં મુકાય છે. તો તંત્ર દ્વારા આવા બોગસ ડોક્ટર ધાનેરા તાલુકા માં બિલાડીની ટોપની માફક ફૂટી નીકળ્યા છે તેમને પકડી તેમના પર કાર્યવાહી કરવામાં આવે તેવી લોકોની માગણી ઉઠવા પામી છે અમુક ગામમાં વર્ષોથી બોગસ ડોક્ટરો પોતાનુ કલીનિક ચલાવી રહ્યા છે. છતાં પણ આજદિન સુધી કોઇ પગલા ન લેવાતા આરોગ્ય તંત્ર પર અનેક સવાલો ઉઠવા પામ્યા છે પંથકના લોકોમાં એવું પણ ચર્ચાઈ રહ્યું છે કે આરોગ્ય વિભાગ દ્વારા કોઈ પગલાં લેવામાં આવતા નથી?પ્રજાના આરોગ્ય સાથે ચેડાં કરતા બોગસ તબીબોને કોણ સાચવી રહ્યું છે?

## પાલનપુર કમાલપુરા શાળા આગળ પાઈપલાઈનમાં ભંગાણ : હજારો લિટર પાણી વ્યર્થ વહી ગયું...



પાલનપુર તા.૩૦

પાણીના એક એક ટીપા નું મહત્વ છે. તેવામાં પાલનપુર શહેરમાં કમાલપુરા શાળા આગળ પ્લાસ્ટિકની ૪ની પાઈપલાઈનમાં કોઈક કારણો સર ભંગાણ સર્જાતા અઢી કલાક સુધી પાણી વ્યર્થ વહેતા હજારો લિટર પાણી વહી ગયું હતું..! માલણ દરવાજા થી કમાલપુરા તરફ જવાના માર્ગ પર બ્રાન્ચ શાળા આગળ થયેલા લીકેજનું પાણી વહીને આગળ કમાલપુર ચોક અને ડીવાયએસપી કચેરી પાછળના ખુલ્લા મેદાનમાં જમાં થઈ ગયું હતું.

# હાથમાંથી મહારાષ્ટ્ર ગયું હવે રાજસ્થાન પણ જશે હવે જાગો, ઉઠો શિવાજી અને મહારાણા પ્રતાપ

**થર્ડ એમ્પાયરની દ્રષ્ટીએ...**

બાયડ, તા.૩૦

મહારાષ્ટ્રમાં કોંગ્રેસના ખોળામાં બેસવાથી શિવસેનાની સરકાર બેહાલ થઈ ગઈ અને ઉદ્ધવજીને મુખ્ય મંત્રી પદેથી રાજીનામું આપવાની ફરજ પડી. ઉદ્ધવજી જેવા હાલ રાજસ્થાનના મુખ્ય મંત્રી ગેહલોતના થવા જઈ રહ્યા છે. ભારત જેવા બિનસાંપ્રદાયિક અને સંવેદનશીલ રાષ્ટ્રમાં દરેક સમુદાયને સંતુલિત કરીને સરકાર ચલાવવી પડતી હોય છે. કોઈ એક સંપ્રદાયને ખુશ કરીને કે વધુ મહત્વ આપીને અન્ય સમુદાયના લોકો સાથે તણાવ વધતો હોય છે અને ખબર પણ પડતી નથી કે સરકાર ગબડી પડવાની નોબત આવે. શિવસેના હિન્દુત્વના મુદ્દા ઉપર ૫૬ ધારાસભ્યોને લઈને વિધાનસભામાં પહોંચી હતી અને સરકાર બનાવવાનો સમય આવ્યો ત્યારે વિચારધારા છોડીને કોંગ્રેસનો હાથ પકડી લીધો અને વૈચારીક બાંધછોડ કરીને સત્તા ઉપર આવી ગયા. મહારાષ્ટ્રની પ્રજામાં શિવસેના માટે માન અને ઈજ્જત હતી તે ધીરે ધીરે ઓસરતી ગઈ અને એક સમય એવો આવ્યો કે ઉદ્ધવજીને મુખ્ય મંત્રી પદેથી રાજીનામું આપવાની ફરજ પડી.

બસ, આવી જ હાલત હવે રાજસ્થાનમાં થવા જઈ રહી છે. રાજસ્થાનની ગેહલોત સરકાર જરૂરથી વધારે મુસ્લિમ તૃષ્ટીકરણ કરી રહી છે. રાજસ્થાનની પ્રજા હવે ખૂલીને બોલવા લાગી છે ત્યાં જ ઉદયપુરમાં ટેલર હત્યાકાંડના બનાવ પછી સમગ્ર રાજસ્થાનમાં આ ઘટનાનો વિરોધ સડક ઉપર આવી ગયો છે. આ ઘટનામાં સરકારનો કોઈ રોલ નથી પરંતુ હત્યા કરવાવાળા લોકોના દિમાગમાં એ વાત નિશ્ચિત હતી કે રાજસ્થાન સરકાર મુસ્લિમો માટે સોફ્ટ કોર્નર ધરાવે છે. રાજસ્થાન સરકાર તેની ઈમેજ સંતુલિત રાખવામાં નાકામીયાબ રહી છે અને આજે એક એવો સમય આવ્યો કે લોકો ખુલ્લેઆમ સરકારની નિંદા કરતા સાંભળવા મળી રહ્યા છે. મહારાષ્ટ્રની જેમ રાજસ્થાનની સરકાર ઉપર પણ ખતરો દેખાઈ રહ્યો છે.

મહારાષ્ટ્રમાં શિવાજી મહારાજ ફરીથી જાગી ઉઠ્યા અને શિવસેનાનું પતન કરી દીધું કારણ કે શિવસેના શિવાજી મહારાજનો રસ્તો છોડી દીધો હતો. રાજસ્થાનની કોંગ્રેસ સરકારે તો ક્યારેય પણ મહારાણા પ્રતાપની રાહત ઉપર જોવા મળી નથી અને દરરોજ રાજસ્થાનમાં નાના-મોટા બનાવ બનતા રહેતા હોય છે અને હિન્દુઓનો ઈગો હટ થતો રહ્યો છે. મહારાણા પ્રતાપની ભૂમિ ઉદયપુરમાં પાછલા દિવસોમાં એક હિન્દુ યુવકની હત્યાથી રાજસ્થાનની જનતા મહારાણા પ્રતાપને યાદ કરે છે અને આ વાત કોંગ્રેસને ડૂબાડીને રહેશે અને હવે ખુલ્લેઆમ વિરોધ પ્રદર્શન શરૂ થયા છે. નાની-નાની બાબતો પરંતુ પરિણામ ગંભીર આવતા હોય છે. ભારતની સૌથી જૂની અને મોટી કોંગ્રેસ પાર્ટી આજે પતન નજીક પહોંચી ગઈ છે એની પાછળ નાના-નાના કારણો છે. દરરોજ ભારતની પ્રજા કોંગ્રેસથી દૂર થઈ રહી છે અને એની પાછળ પ્રમુખ કારણ કોંગ્રેસનું મુસ્લિમો માટેનું તૃષ્ટીકરણ છે.

સબ કા સાથ સબ કા વિકાસ એ મોદીજીનું સૂત્ર છે અને એ રસ્તે મોદી ચાલી રહ્યા છે. મોદી પોતાના આ વિધાનથી સંપૂર્ણ સંતૂષ્ટ નથી એટલે તેમને વિધાનમાં વિશ્વાસ શબ્દનો ઉમેરો કરી નવું સ્વરૂપ સબ કા સાથ, સબ કા વિકાસ અને સબ કા વિશ્વાસ..તે વાક્ય ઘણું સૂચક મનાય છે અને તેના કારણે મોદીજી વધુ ને વધુ સફળ થતા દેખાઈ રહ્યા છે. લાગે છે કે કોંગ્રેસ પાસે હવે કોઈ વિચાર અને દીશા બચ્યા નથી. લાગે છે કે રાજસ્થાનની નાવ પણ ડૂબી રહી છે.

**અન્ય જિલ્લામાંથી મૂકાયેલા ૧૨ કર્મચારીઓનું પોસ્ટીંગ અટવાઈ પડ્યું.**

# અરવલ્લી ઈન્ચાર્જ ડી.ડી.ઓ. દ્વારા ૪૫ દિવસમાં એકપણ ફાઈલ ન ચલાવતાં આશ્ચર્ય

**ડીપાર્ટમેન્ટલ પ્રમોશન કમીટીની મીટીંગ યોજવામાં થઈ રહેલા અખાડા**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૩૦

અરવલ્લી જિલ્લા ઈન્ચાર્જ ડી.ડી.ઓ.એ પોતાની ૪૫ દિવસની કામગીરીમાં એકપણ ફાઈલ ન ચલાવતાં તેની ગુંજ ગાંધીનગર સુધી પહોંચી છે. ડીપાર્ટમેન્ટલ પ્રમોશન કમીટીની મીટીંગ યોજવામાં થઈ રહેલા ધાંધિયાથી જિલ્લા પંચાયતની કામગીરી સામે સવાલ ઉભા થયા છે. જ્યારે બહારના જિલ્લામાંથી મૂકાયેલા તલાટી તેમજ પુરુષ હેલ્થ વર્કરને બેસાડી રાખવામાં આવ્યા છે અને પોસ્ટીંગ આપવામાં ન આવતાં વહીવટી મુદો ઉભો થવાની સંભાવના છે. પ્રાપ્ત જાણકારી અનુસાર અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારી શ્વેતાબેન તેવટીયા રજા ઉપર ઉતરતાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બી.ડી.દાવેરાને જિલ્લા વિકાસ અધિકારીનો ચાર્જ સોપવામાં આવ્યો હતો. ૪૫ દિવસ સુધી તેમને માત્ર ચાર્જ લીધો પરંતુ એકપણ જરુરી કામ કર્યું ન હોવાની વિગતો સામે આવી છે જેમાં અન્ય જિલ્લામાંથી ૮ તલાટી અને ૪ પુરુષ હેલ્થ વર્કરનું અરવલ્લી જિલ્લામાં પોસ્ટીંગ થયું હતું અને તેમને નિયુક્તિ માટેના સ્થળો આપવાના હતા તે ફાઈલ પણ દબાવી રાખી હતી તે જ રીતે ફુલ પગાર, બદલી, પોસ્ટીંગ સહિતના કામો અટવાઈ ગયા હતા અને એથીય વધુ ડીપાર્ટમેન્ટલ પ્રમોશન કમીટીની મીટીંગ પણ યોજવામાં રીતસરના અખાડા જોવા મળ્યા જેના કારણે પ્રમોશનની રાહ જોઈને બેઠેલા અનેક કર્મચારીઓમાં નિરાશા જોવા મળી હતી. રાજ્ય સરકારે અરવલ્લી જિલ્લા ઈન્ચાર્જ ડી.ડી.ઓ.એ ૪૫ દિવસ દરમ્યાન શું કામગીરી કરી..?? તેની વિગત માંગે તો અધિકારીએ માત્ર ચાર્જ સંભાળ્યા સિવાય કશું જ કર્યુ ન હોય તેવી વિગતો સામે આવી શકે છે.

**હું રજા પર હતી, મને ખ્યાલ નથી..**

અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારી શ્વેતાબેન તેવટીયાનો સંપર્ક કરતાં જણાવ્યું કે હું રજા ઉપર હતી એટલે ડી.પી.સી.ની મીટીંગ અંગે મને ખ્યાલ નથી પરંતુ હવે હું હાજર થઈ છું એટલે મીટીંગનું આયોજન થશે.

# ધનસુરા શ્રી શુળપાણેશ્વર મહાદેવ મંદિરે શ્રીમદ્ ભાગવત કથા યોજાઈ



ધનસુરા, તા. ૩૦

ધોળકા વાસી મહારાજ શ્રી મુકુંદ મહારાજ દ્વારા કથા કરવામાં આવી હતી. ધનસુરા શ્રી શુળપાણેશ્વર મહાદેવ મંદિરે શ્રીમદ્ ભાગવત કથા યોજાઈ હતી.જેમાં ધોળકા વાસી મહારાજ શ્રી મુકુંદ મહારાજ દ્વારા શ્રીમદ્ ભાગવત કથા કરવામાં આવી હતી. આ કથા તારીખ ૨૦-૦૬-૨૦૨૨ થી ૩૦-૦૬-૨૦૨૨ સુધી કરવામાં આવેલ જેમાં ધનસુરા અને આજુબાજુ ના લોકો એ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કથા નો લાભ લીધો હતો.તેમજ પૂર્ણાહુતિ નિમિત્તે સમગ્ર નગરમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી મંદિરના પૂજારી અતુલભાઈ રાવલ એ જણાવ્યું હતું કે આ કથામાં મોટી સંખ્યામાં લોકોએ ઉપસ્થિત રહી લાભ લીધો હતો.